Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-6, Continuous Issue-36, March - April 2026

‘તણખો’ની તણખાસમી આકર્ષક લઘુકથાઓ’

‘વન્યરાગ’ અને ‘દેવચકલી’ જેવા વાર્તાસંગ્રહો દ્વારા ગુજરાતના પ્રતિષ્ઠિત વાર્તાકારોમાં સ્થાન પામનારા પ્રભુદાસ પટેલ પાસેથી ‘તણખો’ના નામે પ્રથમ લઘુકથાસંગ્રહ ઑગસ્ટ 2024માં મળે છે. પ્રસ્તાવનાકાર પ્રેમજી પટેલે આ સંગ્રહની કુલ એકાવન પૈકીની લગભગ અર્ધા ભાગની રચનાઓને સફળ લઘુકથાઓ તરીકે ઓળખાવી છે. તેમની પ્રથમ લઘુકથા ‘નકટીના પેટની’ કુમાર સામયિકમાં પ્રગટ થઈ હતી. ત્યાર પછી સમયાંતરે જુદા જુદા સામયિક જેવાં કે; ‘પરબ’, ‘તાદર્થ્ય’, ‘શમણું’, ‘શબ્દસૃષ્ટિ’, ‘કલાવિમર્શ’, ‘નિસબત’, ‘શબદ’ વગેરેમાં પ્રકાશિત થતી રહી છે. તેમની લઘુકથાઓ વિષયવૈવિધ્યથી સભર છે. વળી, આ સર્જક લઘુકથાના કળાતત્વ અને રચનારીતિના સારા પારખું છે. તેથી, આ સંગ્રહની મોટાભાગની રચનાઓ ભાવકને કૂતુહલ અને જિજ્ઞાસાથી જકડી રાખવાની ક્ષમતા ધરાવે છે. ‘નાત’, ‘સમય’, ‘ધરતી’, ‘ગાંઠ’ જેવી લઘુકથાઓમાં વિજયનગરનો ગ્રામ્યસમાજ અને પરિવેશ સુપેરે ઝિલાયો છે. ‘લાગણી’, ‘ફેકચર’, ‘તણખો’, ‘સ્ટ્રેચર’ જેવી લઘુકથાઓમાં શિક્ષણનો રણકો સંભળાય છે. ‘ભાભી’, ‘આબરૂ’, ‘દર્શન’, ‘શ્રવણ’, ‘કન્યાવિદાય’ અને ‘ઘર’ જેવી લઘુકથાઓમાં કુટુંબજીવન નિરૂપાયું છે. ‘ફાઇલ’, ‘ડૂચો’, ‘તણખો’માં તૂટતા જતા દાંપત્યજીવનની અસરો સટીક રીતે અંકાઇ છે. ‘વાત્સલ્ય’ અને ‘બોહાકો’માં નિઃસંતાન દંપતીની વ્યથા, દીકરો’, ‘નજર’, ‘શાંતિ’, ‘મા’, ‘દાદા’ જેવી લઘુકથાઓ વૃદ્ધોની વેદનાને આસ્વાદ્ય રીતે આલેખે છે. ‘નકટીના પેટની’ અને ‘મોરલો’ જેવી જાતીય સંબંધોની તો ‘દરદ’ રાજકારણના પ્રશ્નોને વાચા આપે છે. આમ, આ લઘુકથા સંગ્રહમાં અપાર વિષયવૈવિધ્ય જોવા મળે છે.

પ્રભુદાસ પટેલ લઘુકથા લેખનના અનુભવ વિષે પોતાનું મંતવ્ય આપતાં જણાવે છે કે, “‘નકટીના પેટની’ મારો લઘુકથા સર્જનનો પ્રથમ પ્રયાસ, અને એ લઘુકથા ‘કુમાર’ની કસોટીમાં પાસ થઈ ત્યારે અકથ્ય આનંદ...! સર્જનમાં એક તરફ વાર્તા તો ક્યાંક લઘુકથા... પરંતુ લઘુકથાનો પડકાર ઝીલવો મને ગમ્યો છે. ભોગવાયેલું કે જિવાયેલું વાસ્તવ કોઈ સિચ્યુએશનના વિભાવને લીધે તાદ્રશ થઈ ઊઠે, અને ચિત્તસંક્ષોભમાં જે સ્થિતિ થાય તેને આલાપવાની મથામણ એ આ ‘તણખો’ની રચનાઓ છે. જે ભાવકને પણ જીવનના કોઈ રહસ્યદર્શનનો સ્પર્શ કરાવશે જ તેવો મને પાક્કો ભરોસો છે.” તો આ લઘુકથાકારના ભરોસાને ભાવકો સુધી પહોંચાડવા આ ‘તણખો’ની તણખાસમી લઘુકથાઓનો આસ્વાદલક્ષી પરિચય કરાવવાનો અહીં નમ્ર પ્રયાસ છે.

‘ઘર’ લઘુકથામાં નવી નોકરી, નવું સ્થળ અને નવાં-નવાં લગ્ન, પત્ની શ્રદ્ધા પતિની સેવામાં કોઈ કસર છોડવા માંગતી નથી. પરંતુ એકની એક દીકરી હોવાના નાતે પિયરમાં કંઈ કામ કરવાનું તેના ભાગમાં આવ્યું જ નથી. તેથી, રસોઈના અનુભવનો અભાવ છે. જ્યારે પતિ આનંદને રસોઈમાં પારંગત અને સ્નેહાળ ભાવથી જમાડતી બાની રસોઈ સતત યાદ આવે છે. આનંદ માટે પત્ની શ્રદ્ધા ચાનો કપ લાવીને મૂકે છે. પરંતુ આનંદને ઘર અને બા યાદ આવી જતાં ઘરે જવાની ઈચ્છા પ્રગટ કરે છે. એ જોઈ શ્રદ્ધા પણ આસું લૂછતી હીબકે ચઢે છે. તેના રડવામાં વિવિધ અર્થસંકેતો પ્રગટ થાય છે. ‘ભાભી’ લઘુકથામાં બપોરનો સમય છે ને બજારમાં ભીડ જામી છે. ગવરીને શેરડીનો રસ પીવાની

ઈચ્છા જાણી ખીમજી તેને લારી પાસે લઈ જાય છે. બે ગ્લાસ શેરડીના રસનો ઑર્ડર આપે છે. તે દરમ્યાન લારીએ એક લગ્નગીત વાગી રહ્યું છે.

"તમાં કેવાં કેવાં પે'રણ પેરહો લાડીબાઈ લગનાં માંય?

તમાં લોકીટ પે'રણ પેરહો લાડીબાઈ લગનાં માંય.." (પૃ.20)

આ ગીત સાંભળી ખુશ થતી ગવરીનું મન પ્રસન્ન થઈ ગયું. ત્યાં જ પીઠી કરેલ લાડી તેની સખીઓ સાથે આવી. તેને જોતાં જ ગવરી ઉદાસ-ઉદાસ થઈ ગઈ. તેનો પતિ ગવરીના મનને સમજી જાય છે આથી સ્ટેશન તરફ જતાં તે પૂછે છે; ગવરી ઘરેણાં લેવાની ઈચ્છા છે. છતાં ગવરીએ દિયરનાં લગ્ન બાકી છે એમ વિચારી ઘરેણાં ના ખરીદવા મન મનાવી લે છે. આમ આ કુટુંબભાવનાની ઉત્તમ લઘુકથા છે.

'ઊથલો'માં દીકરી સૂચિ ભણીગણીને પ્રોફેસર થઇ છે, સારો છોકરો જોઈ માતા-પિતા લગ્ન કરાવે છે. પરંતુ સાગનાસોટા જેવો દેખાતો પતિ હોટલોમાં મહેફિલો માણી ઘરે પત્નીને ત્રાસ આપે છે. આ ત્રાસથી ત્રાસેલી સૂચિ નદીમાં પડી આત્મહત્યા કરવા સુધી પહોચી જાય છે. પરંતુ તેને છેલ્લે વિચાર આવે છે કે, પોતાના આપઘાતથી પતિને તો બીજી પત્ની મળી જશે પણ મા-બાપને બીજી દીકરી મળશે? ના વિચારે બે ડગલાં પાછી ખસી આત્મહત્યા કરવાનું માંડી વાળે છે. આ લઘુકથામાં આજની શિક્ષિત તથા નોકરી-ધંધો કરતી યુવતીઓની વેદના સરસ રીતે ચરિતાર્થ થાય છે. 'ઊથલો' શીર્ષક અનેકાર્થપણે કારગત નીવડે છે. જીવનમાં ઊથલો, વિચારમાં ઊથલો- એ રીતે શીર્ષક સંવેદનકેન્દ્રી છે. 'ધક્કો'માં પ્રણવની પત્ની રેશ્મા એક ભિખારણ છોકરીનું અપમાન કરે છે. એ જોઈ પ્રણવને પોતાનો શૈશવકાળ યાદ આવી જાય છે. બાળપણમાં જ માતાની છત્રછાયા ગુમાવતાં દારૂડિયા પિતાનો માર અને માંગીમાંગીને ખાવાની મજબૂરી તાદ્રશ થઈ છે. પોતે આજે સોસાયટીમાં જે સ્ટેટસ ધરાવે છે એ ભૂકંપના કારણે અનાથાશ્રમ અને એક શેઠીયાની મહેરબાનીને લીધે ભણવા મળ્યું. આ લઘુકથાનું સિચ્યુએશન સાવ સામાન્ય છે પરંતુ એમાં સંવેદના ભરપૂર છે. તેમજ શીર્ષક પણ પ્રતીકાત્મક છે.

'શાંતિ'માં માતા-પિતા કે સાસુ-સસરાનું અવસાન થતાં દુઃખ કે લાગણીથી નહીં પરંતુ સમાજમાં આબરૂ જવાના બીકે ખોટે-ખોટા રડવાનો સિલસિલો ચાલું થયો છે. લઘુકથાકારે આજે દરેક સમાજમાં જોવા મળતી આ વાસ્તવિકતા આલેખી છે. અત્યારે વહુ-દીકરો પોતાના ફાયદા માટે ઘરડા મા-બાપને તેમની બચત અને જીવનમૂડી સમી જમીન વેચવા મજબૂર કરે છે. એ દુઃખ સહન ના થતાં, કારમા આઘાતમાં સસરાનું અવસાન થાય છે. પછી એ લાશ પર દીકરા અને વહુઓ જોરજોરથી રડવાનું ચાલું કરે છે. અહીં સસરાનું અવસાન થતાં મોટી વહુ જોર જોરથી બોલતી બોલતી રડે છે તે નોંધનીય છે;

"બાપા, સેલસેલ્લું મારા આથનું પોંણી પીધું રે બાપા !

બાપા,અમથા દુઃખી થઈ ગ્યા રે વાલુડાબાપા!"

આ રીતે પુત્રવધૂને રડતી જોઈ સાસુ જમનાબા પોતાના પતિ છેલ્લે તો કોઈને બોલ્યા નથીનું યાદ આવે છે. અને વહુને આશ્વાસન આપવા લીલીવાડી મૂકીને ગયા છે તો શાંતિ રાખવા જણાવે છે. આ સાંભળીને વહુ રાહ જ જોતી હતી એ ચૂપ થઈ જાય છે. આ લઘુકથામાં વહુંની કૃતકતા તથા ઢોંગ પર સર્જકે કટાક્ષ કર્યો છે. 'સંબંધ'માં આજના જમાનાના ખોખલા જાતીય સંબંધો સ-ચોટ અભિવ્યક્તિ પામ્યા છે. પ્રજ્ઞા પ્રાકૃતિક સૌંદર્ય ધરવતા પોળોના જંગલમાં પ્રવાસમાં આવે છે. ત્યાં મોરની આસપાસ નાચતી ઢેલડીઓને જોતાં તેને પોતાના પ્રેમીની યાદ આવે છે. પ્રેમીએ પણ મોરની જેમ પહેલાં પોતાને, પછી તે અનેક છોકરીઓને ફસાવતો જ રહ્યો. પ્રજ્ઞા પોતાના હાથમાં રહેલ પર્સ

મોર ઉપર છૂટું ફેંકે છે અને આ જોઈ સૌ આશ્ચર્યમાં મુકાઇ જાય છે. અને પ્રજ્ઞા પણ સભાન થતાં દોડીને ટુરબસમાં બેસી જાય છે. અહીં એક યુવતીની મનોવેદનાને બખૂબીથી મૂકી આપી છે. આ સંગ્રહની મોટાભાગની લઘુકથાઓમાં સહજ લાગતી કોઈ ઘટના વ્યક્તિને કેવી હલબલાવી મૂકે છે એ સર્જકે પોતાની અનુભવી કલમે સુંદર રીતે નકશીકામ કરીને મૂકી આપી છે.

'નજર' માં સરસ રાગે ભજન ગાતા વાલજી ભગતના ચારિત્રહિન વ્યક્તિત્વ અને ભક્તિમાં ખોટેખોટા દેખાડાની વાત કરી છે. બપોરે વરસાદ હતો પરંતુ સાંજે શાંતિ હતી તેથી હસમુખભાઈએ ભજનમંડળી રાખેલી. આ મંડળીમાં વાલજી સુંદર સૂરે ભજન ગાય છે કે,

"મિટ્ટી મેં મિલ જાના સંતો મિટ્ટી મેં મિલ જાના,

રખે કરો અભિમાન એકદિન મિટ્ટી મેં મિલ જાના..."

આવા સરસ ભજન થકી પોતે સમાધિમાં હોય એવો ડોળ કરે છે. ભજન પૂરું થતાં લાલજી વાલજી ભગતને પ્રશ્ન પૂછે છે કે, "આજે જે વરસાદ પડ્યો તો'ઇણે માટીને કેવી પિગળાવી નાખી હતી. એવું જ ભજન પણ કે'છે નઈ?" આ સાંભળી ભગતના ભવામાં બપોરનું દ્રશ્ય તાદ્રશ થઈ આવ્યું ને જેવી નજર સામે ભજનમંડળમાં ગંગા પર પડતાં તેના અનુભાવોથી પોકળ ભક્તિ સ્ફૂટ થઈ જાય છે.

પ્રભુદાસ પટેલને લઘુકથાક્ષેત્રનો ઊંડો અભ્યાસ છે. આ સંગ્રહની મોટાભાગની લઘુકથાઓનાં શીર્ષકો યથોચિત અને વ્યંગ્યાર્થનો નિર્દેશ કરવામાં સફળ રહ્યાં છે. ગ્રામીણ જનજીવનની પ્રાદેશિક અને લોકબોલીનો સરસ રીતે વિનિયોગ કર્યો છે. તેમજ પાત્રો અનુરૂપ ભાષાશૈલી પ્રયોજી લઘુકથાઓમાં જીવંત પ્રાણ પૂર્યા છે. ગ્રામીણ વિસ્તારનાં વાર-તહેવાર, રીત-રિવાજોને બખૂબી રીતે આકાર્યા છે. સામાન્ય પ્રસંગની ઘટનાને વણીને લઘુકથાનું પોત સરસ ગૂંથી શક્યા છે. તેમની લઘુકથાઓમાં યોજાયેલી વસ્તુસામગ્રી વ્યંજનાત્મક કે પ્રતિકાત્મક જોવા મળે છે. લઘુકથા પૂરી થતાં મનમાં ચિત્તક્ષોભ થઈ વિસ્તર્યા કરે છે. 'ડચૂરો', 'નજર', 'સફાઈ', 'ઘર' જેવી લઘુકથાઓમાં આ જોઈ શકાય છે. એ આલેખન લઘુકથાકારની કલાત્મક અભિવ્યક્તિનું જમા પાસું કહી શકાય. લઘુકથાકારની પરિપક્વ કલમે લઘુકથાઓમાં મોટાભાગે લઘુકથાનાં લક્ષણો સારી પેઠે સિધ્ધ થયાં છે. તેથી, લઘુકથાકાર પ્રેમજી પટેલ 'તણખોની' પ્રસ્તાવનામાં નોંધે છે કે, "આ સર્જક લઘુકથાના સાતેય કોઠા જાણે છે. અહીં તેમની પ્રથમ કક્ષાની બાવીસ-ત્રેવીસ જેટલી રચનાઓ ખૂબ મોટી આશા જન્માવે છે!"(પૃ.10) આવા ઉત્તમ લઘુકથાકાર પ્રભુદાસ પટેલની પ્રત્યેક લઘુકથામાં એક જુદા જ પ્રકારનો ચિત્તક્ષોભ થાય એવી ઉત્તમ રચનાઓ છે. આવા સર્જક પ્રભુદાસ પટેલ પાસેથી તેમની મંજાયેલી કલમે સર્જનાત્મક લઘુકથા સંગ્રહો વધુમાં વધુ સાંપડે એવી આશા ચોક્કસપણે રાખી શકાય.

સંદર્ભ-

(1) ડૉ. પ્રભુદાસ પટેલ 'તણખો' (લઘુકથાસંગ્રહ) પ્ર.આ. 2024 અરુણોદય પ્રકાશન, અમદાવાદ

ડૉ. જમનાબહેન હિરાભાઈ ગામેતી,
આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડી.ડી.ઠાકરઆર્ટ્સ અને કે.જે.પટેલ કોમર્સ કૉલેજ, ખેડબ્રહ્મા